

P.07 રવિના ટંડન ડેસ્ટિનેશન વેડિંગ કરનારી પહેલી અભિનેત્રી, જગમંદિર પેલેસમાં કર્યા હતા

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.07 નેટફ્લિક્સએ તૃપ્તિ ડિમરીની ફિલ્મ અફઘાન સ્નો અટકાવી દીધી

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૭૭ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા સુદ ૦૯ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 177 • Dt.07-02-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


રેકોર્ડ ગરમી 'લા નીના'ની અસર માર્ચ સુધીમાં સંપૂર્ણપણે ખતમ થવાની ધારણા



07

07 FEBRUARY- 2025 FRIDAY



07

શેખ હસીનાના ભાષણ વચ્ચે બાંગ્લાદેશમાં હિંસા । મુજીબુર રહેમાનનું ઘર સળગાવી દીધું





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


## એએમસીએ વર્ષ ૨૦૨૫-૨૬ નું બજેટ કમિશનરે કર્યુ રજૂ । ૨૦૨૫-૨૬ નાં બજેટમાં ૩ હજાર ૨૦૦ કરોડનો વધારો કરાયો

# અમદાવાદ એએમસીએ રજૂ કર્યુ ૧૪ હજાર કરોડનું બજેટ

। અમદાવાદ,તા.૬ ।

વિકસિત ભારત, વિકસિત ગુજરાત અંતર્ગત વિકસિત અમદાવાદને અનુરૂપ બજેટ રજૂઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ નું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. અ વર્ષે રૂ. ૩ હજાર ૨૦૦ કરોડનાં વધારા સાથે ૧૪ હજાર કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. બજેટ દરમિયાન એએમસી દ્વારા શહેરમાં વિકાસકામોની ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. વિકસિત ભારત અને વિકસિત ગુજરાત અંતર્ગત વિકસિત અમદાવાદને અનુરૂપ બજેટ રજૂ કરવામાં આવ્યું હોવાનું છસ્ઝ્ર કમિશનરે જણાવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (છસ્ઝ્ર) કમિશનર દ્વારા આજે વર્ષ ૨૦૨૫-૨૬ નું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આ વર્ષે રૂ. ૩ હજાર ૨૦૦ કરોડનાં વધારા સાથે ૧૪ હજાર કરોડનું બજેટ (એએમસી ૨૦૨૫-૨૬) રજૂ કરવામાં આવ્યું છે. બજેટમાં શહેરી વિકાસકામોની ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. આ જાહેરાતોમાં વાઈટ ટોપિંગ રોડ, રોડ-રસ્તાનો વિકાસ, નવું ડેટા સેન્ટર, નવા ગાર્ડન, નવા ફાયર સ્ટેશન, નવા અર્બન હેલ્થ સેન્ટર, નવા સ્પોટ્ર્સ સાયન્સ સેન્ટર, નવા રેલવે બ્રિજ, ઓવર અને અન્ડરબ્રિજની જાહેરાતો કરવામાં આવી છે.એએમસી વર્ષ ૨૦૨૫-૨૬ નાં બજેટમાં આ મોટી જાહેરાતો કરાઈ.શહેરના સાતેય ઝોનમાં અર્બન પ્લાઝા બનાવવામાં આવશે, હયાત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની કેપેસિટી વધારવામાં આવશે, શહેરીજનોને પૂરતા પ્રેશરથી પાણી પૂરું પાડી શકાય તે માટે પાણીના પંપ અને લાઈનો સુધારવામાં આવશે.

## અમદાવાદ એએમસીએ વર્ષ ૨૦૨૫-૨૬ નાં બજેટમાં ખાસ મોટી જાહેરાતો કરી



શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવાની નેમ સાથે ટ્રાફિક જંક્શનને અપગ્રેડ કરાશે, અદ્યતન બનાવાશે. નાગરિકોને અવરજવર કરવા માટે પબ્લીક ટ્રાન્સપોર્ટની સુવિધા મળી રહે તે માટે છસ્જીમાં વધુ ૧૦૦ નવી બસોનો કાફલો ઉમેરાશે. શહેરીજનોને એક સ્થળેથી અન્ય સ્થળે જવા માટે છસ્જી, મ્ઇજી, મેટ્રોની સુવિધાનો લાભ મળે તે હેતુસર શહેરમાં ત્રણ જગ્યાએ મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ ડેપવલ કરવામાં આવશે. નાગરિકોને વધુ સારી આરોગ્ય સુવિધા પૂરી પાડવા હેલ્થ સેન્ટરોને સુદ્રઢ બનાવવામાં આવશે તેમજ શારદાબેન અને ન્ૃ હોસ્પિટલમાં અદ્યતન મેડિકલ સાધનો વસાવવામાં આવશે.૨૨૭ કરોડનાં ખર્ચે ૫૧ વાઇટ ટોપિંગ રોડ તૈયાર કરાશે. એએમસી રોડ આસપાસનાં ૩ રસ્તા ૯૭ કરોડનાં ખર્ચે તૈયાર કરાશે.૨૦ મેટ્રો સ્ટેશનની આસપાસનાં વિસ્તારોને ૨૭૦ કરોડનાં ખર્ચે વિકાસ કરાશે. અમદાવાદ શહેરમાં નવા ૨૨ ગાર્ડન તૈયાર કરવામાં આવશે.ભદ્ર પ્લાઝા પરિસરનું ૧૦ કરોડનાં ખર્ચે રિડેવલપ કરાશે. લાંભા, રામોલ, શાહીબાગમાં નવા ફાયર સ્ટેશન તૈયાર કરાશે.નવા ૫ અર્બન હેલ્થ સેન્ટરનું નિર્માણ કરવામાં આવશે.બજેટમાં એસવીપી ખાતે નવા સ્પોટ્ર્સ સાયન્સ સેન્ટરની જોગવાઇ કરાઇ. અમદાવાદ શહેરમાં વધુ ૫ રેલવે બ્રિજ તૈયાર કરવાનું આયોજન કરાશે. ૨૫૦ કરોડનાં ખર્ચે ઇસ્કોન બ્રિજ તૈયાર કરવામાં આવશે.। ૮૦ કરોડનાં ખર્ચે સિલ્વર સ્ટાર ચાર રસ્તા પર બ્રિજનું નિર્માણ કરાશે.। પંચવટી જંક્શન પર ૯૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજ તૈયાર કરાશે આરટીઓ ખાતે મલ્ટી ટ્રાન્સપોર્ટ હબ તરીકે ડેવલપ કરવાનું આયોજન કરાશે.

## વિવિધ રોકાણોમાં એક વર્ષથી લઇ પાંચ વર્ષ સુધીનું રોકાણ

# ભાવનગર પોસ્ટ વિભાગ દ્વારા એટીએમ કાર્ડ ઇસ્યુ નહીં કરાતા ગ્રાહકોને મુશ્કેલી




સમગ્ર જિલ્લામાં હેડ ઓફીસ ભાવનગર ખાતે એકમાત્ર પોસ્ટનું એટીએમ મશીન મુકવામાં આવ્યું છે જેને લઇ ગ્રાહકોમાં અસંતોષની લાગણી ફેલાવા પામી

। ભાવનગર, તા.૬ ।

ભાવનગર પોસ્ટ વિભાગ દ્વારા નવા એટીએમ કાર્ડ છેલ્લા લાંબા સમયથી ઈસ્યુ થતા નથી કે રીન્યુ પણ થતા નથી. આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં હેડ ઓફીસ ભાવનગર ખાતે એકમાત્ર પોસ્ટનું એટીએમ મશીન મુકવામાં આવ્યું છે જેને લઈ ગ્રાહકોમાં અસંતોષની લાગણી ફેલાવા પામી છે.હાલના ઓનલાઈન ફ્રોડના વ્યાપક બનાવ અને ખોટી કંપનીઓના કારણે મોટો વર્ગ બેન્કમાં કે પોસ્ટમાં ડિપોઝીટ રોકવા તરફ વળ્યા છે અને વિવિધ રોકાણોમાં એક વર્ષથી લઈ પાંચ વર્ષ સુધીનું રોકાણ કે રીકરીંગના ખાતા ખોલાવાય રહ્યા છે. પરંતુ આ ગ્રાહકોને સંતોષ પણ મળવો જોઈએ તેવી સર્વિસ પોસ્ટ વિભાગ દ્વારા મળવી જોઈએ. હાલ એટીએમ કાર્ડ એ સૌ કોઈ માટે પૈસા મેળવવા સરળ ઉપાય છે. પરંતુ ભાવનગર પોસ્ટ વિભાગ દ્વારા છેલ્લા લાંબા સમયથી ગ્રાહકોને નવા એટીએમ કાર્ડ ઈસ્યુ થતા નથી અને જેના કાર્ડ અપાયા છે તે એક્સપાયર થઈ ચુક્યા છે તેને નવા કાર્ડ પણ મળતા નથી ત્યારે ઉપયોગ કરવો પણ શક્ય બનતો નથી. આ અધુરૂ હોય ભાવનગર જિલ્લાના ૧૦ તાલુકા વચ્ચે ભાવનગર શહેરમાં મુખ્ય પોસ્ટ ઓફીસ પાસે એકમાત્ર પોસ્ટનું એટીએમ મશીન મુકવામાં આવેલ છે જેથી મોટાભાગના પોસ્ટ એટીએમ કાર્ડ ધારકોને અધર બેન્કના મશીનમાંથી પૈસા ઉપાડવાનો વારો આવે છે અને તેમાં પણ ત્રણ ટ્રાન્જેક્શન બાદ પૈસા કપાત થતા હોય કાર્ડ હોવા છતાં એટીએમ મશીનના અભાવે વધારાનો ખર્ચ ભોગવવો પડી રહ્યો છે. ત્યારે નવા એટીએમ કાર્ડ આપવા તેમજ પોસ્ટ એટીએમ મશીનની સંખ્યા વધારવા પણ આમ જનતામાં અને ગ્રાહકોમાં માંગણી ઉઠવા પામી છે.ભાવનગર પોસ્ટ વિભાગ દ્વારા નવા એટીએમ કાર્ડ છેલ્લા લાંબા સમયથી ઈસ્યુ થતા નથી કે રીન્યુ પણ થતા નથી. આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં હેડ ઓફીસ ભાવનગર ખાતે એકમાત્ર પોસ્ટનું એટીએમ મશીન મુકવામાં આવ્યું છે જેને લઈ ગ્રાહકોમાં અસંતોષની લાગણી ફેલાવા પામી છે.હાલના ઓનલાઈન ફ્રોડના વ્યાપક બનાવ અને ખોટી કંપનીઓના કારણે મોટો વર્ગ બેન્કમાં કે પોસ્ટમાં ડિપોઝીટ રોકવા તરફ વળ્યા છે અને વિવિધ રોકાણોમાં એક વર્ષથી લઈ પાંચ વર્ષ સુધીનું રોકાણ કે રીકરીંગના ખાતા ખોલાવાય રહ્યા છે.


## ૨૪ કલાકની અંદર આરોપીને પકડી લેવામાં આવશે

## શ્રદ્ધાળુઓની આસ્થાને ઠેસ પહોંચી છે. જોકે, આ અસામાજિક તત્ત્વો કોણ છે અને આ પ્રકારનું કૃત્ય કેમ કર્યુ તે વિશે તપાસ હાથ ધરવામાં આવી

# બનાસકાંઠામાં દાંતાના ગંગેશ્વર મંદિરમાં તોડફોડ શિવાલયના ગર્ભગૃહમાં શ્વાનનો મૃતદેહ ફેંક્યો

। હિંમતનગર, તા.૩૧ ।

બનાસકાંઠાના દાંતા તાલુકામાં ગંગેશ્વર મહાદેવના મંદિરમાં તોડફોડ કરવામાં આવી છે. અસામાજિક તત્ત્વો દ્વારા મંદિર અને શિવાલયને ખંડિત કરવામાં આવ્યું છે. આ સિવાય મંદિરના ગર્ભગૃહમાં શ્વાનના બચ્ચાનો મૃતદેહ પણ ફેંકવામાં આવ્યો છે. જેને લઈને શ્રદ્ધાળુઓની આસ્થાને ઠેસ પહોંચી છે. જોકે, આ અસામાજિક તત્ત્વો કોણ છે અને આ પ્રકારનું કૃત્ય કેમ કર્યું તે વિશે તપાસ હાથ ધરવામાં આવી છે.બનાસકાંઠાના દાંતા તાલુકામાં ગંગેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જ્યાં ગુરૂવારે




(૬ ફેબ્રુઆરી) અસામાજિક તત્ત્વો દ્વારા મંદિર તેમજ શિવાલયોને ખંડિત કર્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. વહેલી સવારે જ્યારે ગ્રામજનો મંદિરે દર્શનાર્થે પહોંચ્યા ત્યારે મંદિરની હાલત જોઈને ચોંકી ગયા હતાં. સ્થાનિકોએ જોયું કે, ત્યાં મંદિરથી લઈને મૂર્તિઓ અને શિવાલયોને ખંડિત કરવામાં આવ્યા છે. આ સિવાય તેઓ મંદિરના ગર્ભગૃહમાં શ્વાનના બચ્ચાંનો મૃતદેહ જોતા હચમચી ગયા હતાં. બાદમાં તેઓએ તાત્કાલિક ધોરણે પોલીસને આ વિશે જાણ કરી અને હાલ પોલીસે સમગ્ર મુદ્દે તપાસ હાથ ધરી છે. મંદિરને અપવિત્ર કરવાના પ્રયાસને લઈને ભક્તો તેમજ ગ્રામજનોની આસ્થાને ભારે ઠેસ પહોંચી છે. હાલ, પોલીસે ઘટનાસ્થળે પહોંચી આ અસામાજિક તત્ત્વો કોણ છે તે વિશે તપાસ હાથ ધરી છે. આ સિવાય પોલીસે સ્થાનિકોને આશ્વાસન આપ્યું છે કે, ૨૪ કલાકની અંદર આરોપીને પકડી લેવામાં આવશે.

## વીજચોરીના દુષણને ડામવા માટે પીજીવીસીએલ દ્વારા અવાર-નવાર વીજ ચેકિંગ

# ભાવનગરમાં ૬ દિવસમાં ૪૯૯ કનેક્શનોમાં કુલ રૂપિયા ૨.૧૬ કરોડની વીજચોરી ઝડપાઈ

## કોર્પોરેટ ડ્રાઈવ અંતર્ગત વીજતંત્રની કુલ ૨૫ અને પોલીસ તથા એસઆરપીની ૧૬ મળી કુલ ૩૪ ટીમો દ્વારા ભાવનગર જિલ્લામાં વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી

। ભાવનગર, તા.૬ ।

વીજચોરીના દુષણને ડામવા માટે પીજીવીસીએલ દ્વારા અવાર-નવાર વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત પીજીવીસીએલ દ્વારા ભાવનગર જિલ્લામાં ગત સપ્તાહે કોર્પોરેટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬ દિવસમાં પીજીવીસીએલ દ્વારા ૪૯૯ કનેક્શનોમાં કુલ રૂ.૨.૧૬ કરોડની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે.પીજીવીસીએલ દ્વારા વીજચોરીના દુષણને ડામવા માટે અવાર-નવાર વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત પીજીવીસીએલ દ્વારા ભાવનગર વર્તૂળ કચેરી હેઠળની વિભાગીય અને પેટા વિભાગીય કચેરી હેઠળના વીજ કનેક્શનોમાં વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગત તા.૨૭ જાન્યુઆરીથી તા.૧લી ફેબ્રુઆરી એમ કુલ ૬ દિવસના સમયગાળા દરમિયાન પીજીવીસીએલ દ્વારા કોર્પોરેટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. કોર્પોરેટ ડ્રાઈવ અંતર્ગત વીજતંત્રની કુલ ૨૫ અને પોલીસ તથા એસઆરપીની ૧૬ મળી કુલ ૩૪ ટીમો દ્વારા ભાવનગર જિલ્લામાં વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પીજીવીસીએલની ટીમો દ્વારા ૬ દિવસમાં કુલ ૨૧૦૦ વીજ કનેક્શનોની તપાસણી કરવામાં આવી હતી તેમાંથી ૪૯૯ કનેક્શનોમાં કુલ રૂ.૨.૧૬ કરોડની ગેરરીતિ ઝડપાતા વીજતંત્ર દ્વારા વીજ ચોરી કરનારા ગ્રાહકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૬ દિવસ દરમિયાન વીજતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કોર્પોરેટ ડ્રાઈવમાં સૌથી વધારે રહેણાંકી કનેક્શનોમાં વીજચોરી ઝડપાઈ હતી.વીજચોરીના દુષણને ડામવા માટે પીજીવીસીએલ દ્વારા અવાર-નવાર વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત પીજીવીસીએલ દ્વારા ભાવનગર જિલ્લામાં ગત સપ્તાહે કોર્પોરેટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬ દિવસમાં પીજીવીસીએલ દ્વારા ૪૯૯ કનેક્શનોમાં કુલ રૂ.૨.૧૬ કરોડની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે.પીજીવીસીએલ દ્વારા વીજચોરીના દુષણને ડામવા માટે અવાર-નવાર વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત પીજીવીસીએલ દ્વારા ભાવનગર વર્તૂળ કચેરી હેઠળની વિભાગીય અને પેટા વિભાગીય કચેરી હેઠળના વીજ કનેક્શનોમાં વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## વડોદરા ગ્રામ્યમાં આવતી | વડોદરા, તાલુકા વિકાસ અધિકારી, મુખ્યમંત્રી, પંચાયત મંત્રી અને ગુજરાત તકેદારી આયોગને પત્ર લખવામાં આવ્યો

# અણખોલના તલાટીની મનમાનીથી ત્રસ્ત ગ્રામ પંચાયતના સભ્યોની સામુહિક રાજીનામાંની ચિમકી

। વડોદરા, તા.૬ ।

વડોદરા ગ્રામ્યમાં આવતી અણખોલ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી જગદીશ સાધુ દ્વારા પોતાના મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપીને ભ્રષ્ટાચાર કરવામાં આવતો હોવાનો આરોપ ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા લગાડવામાં આવી રહ્યો છે. જેથી મોટા ભાગના સભ્યોએ ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા)ને પત્ર લખીને હિટલરશાહી ચલાવતા તલાટી જગદીશ સાધુની બદલી કરવાની માંગ કરી છે અને જો તેમ નહીં થાય તો મોટાભાગના ગ્રામ પંચાયત સભ્યો સામુહીક રાજીનામું આપશે તેવું રજુઆતમાં જણાવ્યું છે. આ મામલે ૭ દિવસમાં કાર્યવાહી કરવાની માંગ સાથે ધારાસભ્ય, દર્ભવતી, જિલ્લા વિકાસ અધિકારી - વડોદરા, તાલુકા વિકાસ અધિકારી, મુખ્યમંત્રી, પંચાયત મંત્રી અને ગુજરાત તકેદારી આયોગને પત્ર લખવામાં




આવ્યો છે.અણખોલ ગ્રામ પંચાયતના સભ્યોએ દર્ભવતીના ધારાસભ્યને ઉદ્દેશીને લખેલા પત્ર અનુસાર, અણખોલ ગામમાં હાલ જગદીશ સાધુ તલાટી કમ મંત્રી છે. તેઓ ૩ - ૯ - ૨૦૨૪થી ગ્રામ પંચાયતના સભાખંડમાં રહેવા આવી ગયેલા છે. તેઓ મંજુરી વગર પોતાનો સામાન લઈને રહેવા આવ્યા છે. ગ્રામ પંચાયત અને જિલ્લા વિકાસ અધિકારીએ સભાખંડ તરીકેની મંજુરી આપી હોય ત્યારે તેઓને તેનો રહેણાંક તરીકે ઉપયોગ કરવાની સત્તા નથી. તેઓએ સભાખંડ બહાર બોર્ડ માર્યુ છે કે, પરમીશન વગર કોઈએ આવવું નહીં. પોતાને મનફાવે તેવો વહીવટ તેઓ કરી રહ્યા છે. ગ્રામ પંચાયતના સભ્યોને પુછવામાં આવતું નથી. વિકાસના કામો માટે મીટિંગમાં કોઈ ચર્ચા-વિચારણા કરવામાં આવતી નથી. પત્રમાં વધુમાં જણાવ્યા અનુસાર, અણખોલ ગ્રામ પંચાયતમાં શ્રી રિધમ પટેલ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. તેઓને તલાટીએ હેરાન-પરેશાન કરીને કાઢી મુક્યા છે.વડોદરા ગ્રામ્યમાં આવતી અણખોલ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી જગદીશ સાધુ દ્વારા પોતાના મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપીને ભ્રષ્ટાચાર કરવામાં આવતો હોવાનો આરોપ ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા લગાડવામાં આવી રહ્યો છે. જેથી મોટા ભાગના સભ્યોએ ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા)ને પત્ર લખીને હિટલરશાહી ચલાવતા તલાટી જગદીશ સાધુની બદલી કરવાની માંગ કરી છે અને જો તેમ નહીં થાય તો મોટાભાગના ગ્રામ પંચાયત સભ્યો સામુહીક રાજીનામું આપશે તેવું રજુઆતમાં જણાવ્યું છે. આ મામલે ૭ દિવસમાં કાર્યવાહી કરવાની માંગ સાથે ધારાસભ્ય, દર્ભવતી, જિલ્લા વિકાસ અધિકારી - વડોદરા, તાલુકા વિકાસ અધિકારી, મુખ્યમંત્રી, પંચાયત મંત્રી અને ગુજરાત તકેદારી આયોગને પત્ર લખવામાં આવ્યો છે.

## ૭૫૦૦ બળજબરીથી પડાવ્યા બાદ નધુ નાણાંની માંગણી કરી હતી

# આણંદના એનઆરઆઈને હનીટ્રેપમાં ફસાવ્યો : સુરતની ગેંગના ૪ પકડાયા

## બાપુનગરની આંગડિયા પેઢીમાં છટકું ગોઠવી સુરતની હનીટ્રેપ ગેંગને આણંદ એલસીબીએ ઝડપી

। આણંદ, તા.૬ ।

આણંદના એનઆરઆઈને હનીટ્રેપમાં ફસાવી સુરતની ગેંગે ૭૫૦૦ બળજબરીથી પડાવ્યા બાદ નધુ નાણાંની માંગણી કરી હતી. ત્યારે અમદાવાદના બાપુનગરની આંગડિયા પેઢીમાં છટકું ગોઠવી સુરતની હનીટ્રેપ ગેંગને આણંદ એલસીબીએ ઝડપી પાડી હતી. આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી ગેંગના ચાર શખ્સોના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરાઈ છે. જેમાં સુરતની આ હનીટ્રેપ ગેંગના વધુ કરતૂતો બહાર આવવાની શક્યતા છે.મૂળ આણંદના અને હાલ અમેરિકા રહેતા મનીષકુમાર ઘનશ્યામભાઈ પટેલને મહિના પહેલા ફેસબૂક પર હેતલ પટેલ નામના આઈડી પરથી ફ્રેન્ડ રિકવેસ્ટ આવી હતી. બાદમાં બંને વચ્ચે મેસેજની આપ-લે થતી હતી. જાન્યુઆરી-૨૦૨૫માં મનીષકુમારે ભારત આવ્યા હોવાનું જણાવતા આણંદના નવા બસ સ્ટેન્ડ બહાર બંને મળ્યા હતા. ત્યાં પોતાની ઓળખ કિંજલ પટેલ જણાવી યુવતી મનીષકુમાર પટેલના ટુવ્હીલ પાછળ બેસી વેન્ડોર ચોકડી ખાતે લઈ આવી હતી. જ્યાં કોઈને ફોન કરતા કારમાં આવી ચઢેલા ચાર શખ્સોએ પોલીસની ઓળખ આપી આઈકાર્ડ જેવું બતાવી અજયભાઈ હોવાનું કહી બંનેને કારમાં બેસાડી હાઈવે તરફ હંકારી દીધી હતી.

## અમેરિકાથી ડિપોર્ટ થયેલા ગુજરાતીઓ અમદાવાદ પહોંચ્યા

। અમદાવાદ, તા.૬ ।

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતા જ ગેરકાયદે રહેતા લોકોને પોતા-પોતાના દેશ તગેડી મૂકવાનું શરૂ કરી દીધું છે ત્યારે ૧૦૪ ભારતીયોને લઈને પહેલું વિમાન ગઈકાલે જ અમૃતસર આવી પહોંચ્યું હતું. જેમાં ૩૭ જેટલાં ગુજરાતીઓ હતા. જેમને લઈને એક વિમાન અમૃતસરથી દિલ્હી થઈને અમદાવાદ આવી પહોંચ્યું છે. તેમાં ગુજરાતના ગાંધીનગરના ૧૭, મહેસાણાના ૧૦, સુરતના ૩, અમદાવાદના ૨, આણંદ, સિદ્ધપુર પાટણ, ભરુચ, વડોદરા અને બનાસકાંઠાના ૧-૧ વ્યક્તિનો સમાવેશ થાય છે.અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતા જ ગેરકાયદે રહેતા લોકોને પોતા-પોતાના દેશ તગેડી મૂકવાનું શરૂ કરી દીધુ છે.

## જામનગરમાં ટ્રિપલ અકસ્માત, કારની ટક્કરથી રિક્ષા ટેન્કરમાં ઘૂસી

। જામનગર, તા.૬ ।

૨ યુવકના મોતથી માહોલ ગમગીન જામનગરથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં જોગવડ પાટીયા નજીક ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતના સીસીટીવી પણ સામે આવ્યા છે. જેમાં એક કારની ટક્કરે રિક્ષા સીધી ઊભા ટેન્કરમાં પાછળના ભાગે ઘૂસી જતાં બે યુવકોના કરુણ મોત નિપજ્યા હતા. આ ઘટનાને કારણે વિસ્તારમાં માહોલ ગમગીન થઈ ગયો હતો. માહિતી અનુસાર રીક્ષામાં સવાર હાજી કાસમ ફરાસ અને સોહિલ શેખ નામના બંને યુવકો રિક્ષામાં જઇ રહ્યા હતા. તે સમયે જ એક કારે પાછળના ભાગથી ટક્કર મારતાં રિક્ષા સીધી રોડની સાઈડમાં ઊભેલા ટેન્કરમાં ઘૂસી ગઈ હતી. જેના લીધે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે રીક્ષામાં સવાર બંનેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. આ અકસ્માતના સીસીટીવી પણ સામે આવ્યા છે.

### બેવડી ઋતુના કારણે ખાંસી શરદીના દર્દીઓમાં વધારો થયો

# તાપમાનનો પારો ૧૩.૮ પવનની ગતિ પાંચ કિ.મીની થતા ઠંડીનો ચમકારો

**ઉત્તરીય ઠંડા પવન પ્રતિ કલાક ૫ કિમીની ઝડપે ફૂકવા ચાલુ રહ્યા હતા । જેથી ગુલાબી ઠંડીનો અહેસાસ યથાવત**

। અમદાવાદ, તા.૬ ।

આમ બેવડી ઋતુના કારણે ખાંસી શરદીના દર્દીઓમાં વધારો થયો હતો. સવારે સામાન્ય ઠંડી અને સાંજે સામાન્ય ઠંડી જ્યારે બપોરે ગરમી જેવી એક સિઝનમાં ડબલ રૂતુનો અહેસાસ થતાં હવે લગભગ શિયાળાની ઋતુ સમાપ્ત થયાનું અનુમાન સેવાતુ હતું. પરંતુ આજે નીચેના તાપ માનનો પારો ગગડીને ૧૩.૮ થઈ જતા ફરી એકવાર હજી શિયાળાની ઋતુ સમાપ્ત નહીં થયાનું લાગી રહ્યું છે. જોકે ગઈકાલ કરતાં આજે તાપમાનમાં ૧.૬ અંશ ડીગ્રીનો વધારો થવા છતાં. ઉત્તરીય ઠંડા પવન પ્રતિ કલાક ૫ કિમીની ઝડપે ફૂકવા ચાલુ રહ્યા હતા. જેથી ગુલાબી ઠંડીનો અહેસાસ યથાવત રહ્યો હતો. પરિણામે વહેલી સવારે કામ ધંધે અને નોકરીએ જતા લોકોને ઉની વસ્ત્રો પહેરીને વાહન પર જવાની ફરજ પડી હતી જ્યારે ટુ-વ્હીલર ચાલકોએ પોતાનું વાહન ધીમે ચલાવવાની પણ ફરજ પડતી હતી. હવે એવું લાગી રહ્યું છે કે આગામી દિવસોમાં ફરી એકવાર ઉષ્ણતામાનનો પારો હજી ઘટવા સહિત ઠંડા પવન પણ ફુગાવાની શક્યતા નકારી શકાતી નથી. આમ આગામી દિવસોમાં ઠંડી વધવાની શક્યતા સેવાય રહી છે.હવામાનમાં લઘુતમ તાપમાનનો પારો ગઈકાલે ૫.૨ અંશ ડિગ્રી ઘટી ગયા બાદ આજે ૧.૬ અંશ ડિગ્રી વધીને ૧૩.૮ ડિગ્રી



થવા છતાં ઉત્તરીય ઠંડા પવન પ્રતિ કલાક ૫ કીમીની ઝડપે ફુંકાતા આજે સવારથી જ ઠંડા પવન સહિત ખુશનુમાં ઠંડીનો ચમકારાનો અનુભવ થયો હતો. ઉલ્લેખનીય છે કે છેલ્લા પાંચ-છ દિવસથી નીચેના તાપમાનનો પારો ૧૬-૧૭ અંશ ડિગ્રી રહેવા સહિત પવનની ગતિ પ્રતિ કલાક ૨-૩ કિમીની રહી હતી. પરિણામે સવારથી જ સામાન્ય ગરમી સહિત બપોરે પંખા ચાલુ કરવાની ફરજ પડતી હતી. જ્યારે સાંજે પુનઃ સામાન્ય ઠંડી જણાતી હતી. આમ બેવડી ઋતુના કારણે ખાંસી શરદીના દર્દીઓમાં વધારો થયો હતો. સવારે સામાન્ય ઠંડી અને સાંજે સામાન્ય ઠંડી જ્યારે બપોરે ગરમી જેવી એક સિઝનમાં ડબલ રૂતુનો અહેસાસ થતાં હવે લગભગ શિયાળાની ઋતુ સમાપ્ત થયાનું અનુમાન સેવાતુ હતું. પરંતુ આજે નીચેના તાપ માનનો પારો ગગડીને ૧૩.૮ થઈ જતા ફરી એકવાર હજી શિયાળાની ઋતુ સમાપ્ત નહીં થયાનું લાગી રહ્યું છે. જોકે ગઈકાલ કરતાં આજે તાપમાનમાં ૧.૬ અંશ ડીગ્રીનો વધારો થવા છતાં.

## ચૂંટણી પહેલા કોંગ્રેસને ઝટકો, જૂનાગઢના બે ઉમેદવાર ભાજપમાં જોડાયા

। જૂનાગઢ, તા.૬ ।

સ્થાનિક એકમની ચૂંટણી પહેલા કોંગ્રેસને ઝટકો, જૂનાગઢના બે ઉમેદવાર ભાજપમાં જોડાઈ ગયાસ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને તમામ પાર્ટીએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે જૂનાગઢમા-ંથી મોટા સમાચારે સામે આવી રહ્યાં છે. જૂનાગઢ મનપા ચૂંટણી પહેલાં વોર્ડ નંબર ૧૩ના કોંગ્રેસના બે સત્તાવાર ઉમેદવારોએ કોંગ્રેસ સાથે છેડો ફાડી કેસરિયો ધારણ કરી લીધો છે. કોંગ્રેસના ઉમેદવાર મહેશ ગરાણિયા અને ક્રિષ્નાબેન વાઢેર ભાજપમાં જોડાઈ ગયાં છે. નોંધનીય છે કે, આ અગાઉ વોર્ડ નંબર ૩, ૧૪ અને ૮માં પણ ભાજપની બિનહરીફ જીત નોંધાઈ ચુકી છે. જૂનાગઢમાં કોંગ્રેસના ૬૦ ઉમેદવારોમાંથી મતદાન પહેલાં જ ભાજપના વોર્ડ નંબર ૩, વોર્ડ નંબર ૧૪ અને વોર્ડ નંબર ૮ના કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતાં ભાજપની બિનહરીફ જીત થઈ છે. આ સિવાય વોર્ડ નં.૧૨ના કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પરત ખેંચી લીધુ છે પરંતુ ત્યાં અન્ય ઉમેદવાર હોવાથી બેઠક બિનહરીફ નથી થઈ. સ્થાનિક એકમની ચૂંટણી પહેલા કોંગ્રેસને ઝટકો, જૂનાગઢના બે ઉમેદવાર ભાજપમાં જોડાઈ ગયાસ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને તમામ પાર્ટીએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે જૂનાગઢમા-ંથી મોટા સમાચારે સામે આવી રહ્યાં છે. જૂનાગઢ મનપા ચૂંટણી પહેલાં વોર્ડ નંબર ૧૩ના કોંગ્રેસના બે સત્તાવાર ઉમેદવારોએ કોંગ્રેસ સાથે છેડો ફાડી કેસરિયો ધારણ કરી લીધો છે.

### દેવભૂમિ દ્વારકામાં ફરી એક વાર ડિમોલિશનની કાર્યવાહી

# બેટ દ્વારકાના બાલાપરમાં કબ્રસ્તાન પાસે નાના અને મોટા ૧૨ ધાર્મિક દબાણો તોડ્યા

। દ્વારકા,તા.૫ ।

દેવભૂમિ દ્વારકામાં ફરી એક વાર ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. યાત્રાધામ બેટ દ્વારકા ખાતે ડિમોલિશન પૂર્ણ કરવામાં આવ્યું છે. બાલાપરમાં કબ્રસ્તાન પાસેના દબાણો પર બુલડોઝર ફરી વળ્યું છે. ૧૨થી વધુ નાના મોટા ધાર્મિક દબાણો તોડી પડાયા છે. ૬૫૦૦ ચોરસ મીટરથી વધુની જમીન ખુલ્લી કરાવી છે.

ગૌચરની જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયા છે. ૧.૭૫ કરોડની કિંમતની ૬.૫ હજાર ચો.મી જમીન દબાણ મુક્ત થઈ છે. પોલીસના બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. શાંતિપૂર્ણ માહોલમાં દબાણ હટાવો ઝુંબેશ પૂર્ણ કરાઈ છે.



બીજી તરફ બેટ દ્વારકામાં દબાણ મુદ્દે થયેલી અરજી કોર્ટ દ્વારા ફગાવી દેવાતા ફરી દાદાનું બુલડોઝર ફરી વળ્યું છે. બેટ બાલાપર વિસ્તારમાં કબ્રસ્તાન, ધાર્મિક અને બિનઅધિકૃત દબાણ દૂર કરાયા છે. ગૌચરની જગ્યા પર પણ બુલડોઝર ચાલ્યું છે. પોલીસ સહિત ૮૦૦ સુરક્ષા જવાનો સહિતની ટીમ ખડે પગે હતા. તાત્કાલિક બુલડોઝર ફેરવી અંદાજે ૧.૭૫ કરોડની જગ્યા ખુલ્લી કરાઈ હતી. અંદાજે ૬,૫૦૦ સ્કેવર ફીટ જગ્યા ખુલ્લી કરાઈ હતી. ૯ દરગાહ, એક મસ્જિદ, ૧ મદ્રેસાનું બાંધકામ દૂર કરાયું હતું. ૩ અન્ય ધાર્મિક બાંધકામ પણ હટાવાયા હતા. દેવભૂમિ દ્વારકામાં ફરી એક વાર ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. યાત્રાધામ બેટ દ્વારકા ખાતે ડિમોલિશન પૂર્ણ કરવામાં આવ્યું છે. બાલાપરમાં કબ્રસ્તાન પાસેના દબાણો પર બુલડોઝર ફરી વળ્યું છે. ૧૨થી વધુ નાના મોટા ધાર્મિક દબાણો તોડી પડાયા છે.

## જામનગરની સરકારી જી.જી હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આગ લાગતા તંત્ર દોડ્યું

। સુરેન્દ્રનગર, તા.૫ ।

જામનગરની સરકારી જી.જી હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આગ માહિતી મળતાં ફાયર તેમજ પોલીસતંત્ર દોડયુંજામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ના નવા બિલ્ડિંગમાં આગજની ના બનાવ અંગેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. સવારે ૧૧ વાગ્યે નવા બિલ્ડીંગ ના ગ્રાઉન્ડ ફ્લોરમાં આગ લાગી છે, તેવી માહિતી મળતાં ફાયર બ્રિગેડની ટુકડી ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી, અને માત્ર ૨૦ મિનિટમાં જ આગ બુજાવી દેવાની કામગીરી હાથ ધરી હતી. જેઓની સાથે પોલીસ તંત્ર, હોસ્પિટલના નવા વેલ્ડીંગના સિક્યુરિટીના જવાનો, તથા તબીબો ની ટીમ પણ હાજર રહી હતી. ૨૦ મિનિટના સમગ્ર કવાયત પૂરી થઈ ગયા પછી વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલ ને પૂર્ણ જાહેર કરાતાં પોલીસ તેમજ ફાયર ની ટુકડી વગેરે પરત ફરી હતી. જામનગરની સરકારી જી.જી હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આગ માહિતી મળતાં ફાયર તેમજ પોલીસતંત્ર દોડયુંજામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ના નવા બિલ્ડિંગમાં આગજની ના બનાવ અંગેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. સવારે ૧૧ વાગ્યે નવા બિલ્ડીંગ ના ગ્રાઉન્ડ ફ્લોરમાં આગ લાગી છે, તેવી માહિતી મળતાં ફાયર બ્રિગેડની ટુકડી ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

## બે ભાઈઓની ધમકીથી કંટાળીને વૃદ્ધાએ ફિનાઈલ પી લીધું

। બરોડા, તા..૬ ।

વારસિયા સુપર એપાર્ટમેન્ટમાં રહેતા ૬૫ વર્ષના કવિતાબેન સુંદર દાસ નાગદેવ પતિના અવસાન બાદ જીવન નિર્વાહ કરવા માટે ટિફિન નું કામ કરે છે. સીટી પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, અમે કોર્પોરેશનના ફૂડ તથા ફાયર શાખામાંથી મંજૂરી મેળવી છે અમારા ફ્લેટમાં બીજા મળે રહેતા દીપકભાઈ જય સિંઘાણી તથા તેમના નાના ભાઈ અનિલભાઈ છેલ્લા ત્રણ મહિનાથી અમને કહે છે કે ટિફિન સેવાના કામના કારણે અમારા મકાનમાં અવાજ આવે છે તમે ધંધો બંધ કરી દો તેમજ આ બંને ભાઈઓ ટિફિન લેવા આવતા ગ્રાહકો સાથે પણ ખોટા અક્ષેપો કરી ધમકીઓ આપી છે જેથી પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી આ અરજીના અનુસંધાને અમે નિવેદન લખાવવા પહેલી તારીખે ગયા હતા. બંને ભાઈઓ અમારા ઘરે આવી ઝઘડો કરી ગાળો બોલે ટિફિન બંધ કરી દેવા માટે ધમકી આપતા હતા જેથી મને લાગી આવતા મેં ફીનાઈલ પી લીધું હતું મારો દીકરો મને હોસ્પિટલમાં સારવાર માટે લઈ આવ્યો હતો. વારસિયા સુપર એપાર્ટમેન્ટમાં રહેતા ૬૫ વર્ષના કવિતાબેન સુંદર દાસ નાગદેવ પતિના અવસાન બાદ જીવન નિર્વાહ કરવા માટે ટિફિન નું કામ કરે છે. સીટી પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે.



### રાષ્ટ્રપતિના પ્રવચનમાં સરકાર પોતાની દિશા કે દૃષ્ટિ આપવામાં સંપૂર્ણ નિષ્ફળ

# શક્તિસિંહ ગોહિલે ગુજરાતના લોકોને સ્પર્શતા અનેક મુદ્દાઓ લોકોની સમસ્યાઓ અંગે રજૂઆતો

## હિન્દુઓના નામે મત લેવામાં આવે છે અને હિન્દુઓ માટેની કોઇ ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરતી નથી

| અમદાવાદ, તા.૬ |

રાષ્ટ્રપતિના પ્રવચનમાં સરકાર પોતાની દિશા કે દૃષ્ટિ આપવામાં સંપૂર્ણ નિષ્ફળ રહી છે. રાષ્ટ્રપતિના અભિભાષણના પાના નંબર ૧૭ ને ટાંકીને શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે આપણા દેશની ફોજના જવાનો માટે જીવન રક્ષક અને જીવન જરૂરિયાતની વસ્તુઓ એક્સપાયરી ડેટ થઈ ગયેલી અપાય છે જે અંગેનો અહેવાલ સંસદીય સમિતિએ રજૂ કર્યો હતો, તેને ટાંકીને સરકારની આ નિષ્કાળજી બદલ ટીકા કરી હતી. ગુજરાતના બે જાંબાઝ ફોજના જવાનો તાજેતરમાં જ શહીદ થયા છે. જામકંડોરણાના હાસવડ ગામના વિશ્વરાજસિંહ મહિપતસિંહ ગોહિલ તથા પેરામિલ્ટ્રી ફોર્સના ભાવનગર જિલ્લાના નેસડા ગામના રોહિતભાઈ ડાંગર શહીદ થયા છે. તેમના પરિવારોની પૂરતી કાળજી સરકાર દ્વારા લેવાઈ નથી. શહીદનો દરજ્જો શહીદોને મળવો જોઈએ પરંતુ અગ્નિવીર જેવી યોજના ભાજપ સરકાર લાવી તેના કારણે ગુજરાતના શહીદ થયેલા યુવાનોને શહીદનો દરજ્જો કે પરિવારને મળતી પૂરતી સહાય સરકારે આપી નથી. રોહિતભાઈ ડાંગરના પરિવારને પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોતાની જ વસ્તુઓ પરત મેળવવા માટે પણ ઠેકઠેકાણે ધક્કા ખાવા પડ્યા હતા જે શરમજનક ગણાય.



હિન્દુઓના નામે મત લેવામાં આવે છે અને હિન્દુઓ માટેની કોઈ ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરતી નથી. વીઆઈપી માટે તામઝામ અને ધાર્મિક પ્રસંગને રાજકીય ઈવેન્ટ બનાવવાની ઘેલછાના કારણે કુંભમાં અનેક નિર્દોષ વ્યક્તિઓના જીવ ગયા છે અને કેટલા વ્યક્તિઓના મૃત્યુ થયા છે તેના નામ સરનામા હજી સુધી સરકારે જાહેર કર્યા નથી તે દુઃખની બાબત છે. દેશમાં આઝાદીની લડાઈ વખતે જેના માતા પિતા ખૂબ અગ્રેસર રીતે લડ્યા હોય એવા કોઈ હુસેનભાઈ હોય તો તે ભાજપ સરકારને ગમતા નથી પરંતુ બાંગ્લાદેશમાં જેની સામે વિદ્રોહ થયો અને દેશ છોડવાની નોબત આવી એવી શેખ હસીના ભાજપને ગમે છે. ભાજપની વિદેશ નીતિની નિષ્ફળતાના કારણે આજે બાંગ્લાદેશમાં હિન્દુઓના મંદિર તૂટે છે અને હિન્દુઓ ઉપર હુમલા થાય છે ત્યારે કોઈ ૫૬ ઈંચની છાતી કે લાલ આંખ બતાવવાની ભાજપની સરકાર ચિંતા કરતી નથી અને પરિણામે હિન્દુઓ અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે. આપણી વિદેશ નીતિમાં એ સ્પષ્ટ જોગવાઈ છે કે અન્ય દેશોની રાજકીય બાબતોમાં ભારત હસ્તક્ષેપ નહીં કરે આમ છતાં આપણા વડાપ્રધાનશ્રી અમેરિકા જઈને ચુંટણી સમયે અબ કી બાર ટ્રમ્પ સરકાર કરીને આવ્યા હતા અને હવે એ જ ટ્રમ્પ સત્તામાં આવ્યા પછી ભારતીયોને ભગાડે છે . જેનો પહેલો જથ્થો ૨૦૫ વ્યક્તિઓનો ભારત આવી પહોંચ્યો છે, જેની રાજકીય બાબતોમાં હસ્તક્ષેપ કર્યો હતો તેવા ટ્રમ્પને કહીને અમેરિકામાં વસતા ભારતીયો કે જેમાં મોટાભાગના ગુજરાતીઓ પણ છે તેની સુરક્ષા ભાજપની સરકાર કરાવી શકતી નથી.

અમરેલીના ભાજપના બે જૂથોની લડાઈમાં નિર્દોષ પાટીદાર દીકરીને પટ્ટાથી માર મારવામાં અને સરઘસ કાઢવામાં આવ્યું હતું તેનો ઉલ્લેખ સંસદમાં કરીને શક્તિસિંહે જણાવ્યું હતું કે, ''મોટા આખલા લડે અને નિર્દોષ ઝાડનો ખો નીકળે'' તેમ ભાજપના જૂથોની લડાઈમાં નિર્દોષ વ્યક્તિઓ પરેશાન થાય છે.

### હિમાચલ પ્રદેશ ૪૦૮ સાથે ટોચ પર છે

# કુદરતી હોનારતમાં મૃત્યુ મામલે ગુજરાત ચોથા ક્રમે । ૨૦૦થી વધુ વ્યક્તિઓએ ગુમાવ્યો જીવ

| અમદાવાદ, તા.૬ |

ગુજરાતમાં એક વર્ષમાં ૨૩૦ વ્યક્તિએ કુદરતી હોનારતમાં જીવ ગુમાવ્યો છે. કુદરતી હોનારતમાં એક વર્ષમાં સૌથી વધુ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હોય તેવા રાજ્યોમાં ગુજરાત ચોથા સ્થાને છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫માં સૌથી વધુ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હોય તેવા રાજ્યોમાં હિમાચલ પ્રદેશ ૪૦૮ સાથે ટોચ પર છે.

જ્યારે મધ્ય પ્રદેશ ૩૭૩ સાથે બીજા, કેરળ ૩૫૫ સાથે ત્રીજા, ગુજરાત ચોથા જ્યારે મહારાષ્ટ્ર ૨૦૬ સાથે ૫ ાંચમાં સ્થાને છે. ગુજરાતના અનેક વિસ્તારમાં વરસાદે ભારે તારાજી સર્જી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્રના અનેક તાલુકામાં સરેરાશ કરતાં ૩થી ૪ ગણો વરસાદ નોંધાયો હતો.વર્ષ ૨૦૨૪-૨૫માં કુદરતી હોનારતમાં ૭,૨૨૨ પશુના પણ મૃત્યુ થયા હતા,.

જ્યારે ૨૦,૭૪૧ ઘરને પણ નુકસાન થયું હતું. કુદરતી હોનારતથી સૌથી વધુ પશુના મૃત્યુ થયા હોય તેમાં આસામ ૧૬,૨૦૭ સાથે મોખરે, તેલંગાણા ૧૩,૪૧૨સાથે બીજા, તામિલનાડુ ૮૫૧૨ સાથે ત્રીજા જ્યારે ગુજરાત ચોથા સ્થાને છે. ગુજરાતમાં એક વર્ષમાં ૨૩૦ વ્યક્તિએ કુદરતી હોનારતમાં જીવ ગુમાવ્યો છે. કુદરતી હોનારતમાં એક વર્ષમાં સૌથી વધુ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હોય તેવા રાજ્યોમાં ગુજરાત ચોથા સ્થાને છે.

### ભાણવડમાં બાઇકમાં જઇ રહેલા ૬૫ વર્ષના બુઝુર્ગનું બાઇક પરથી નીચે પટકાઇ પડતાં અપમૃત્યુ

| દેવભૂમિ દ્વારકા,, તા.૬ |

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ધારાગઢ ગામમાં રહેતા અબુભાઈ ઓસમાણભાઈ મુન્દ્રા નામના ૬૫ વર્ષના સંધિ જ્ઞાતિના બુઝુર્ગ કે જેઓ પોતાનું બાઈક લઈને ખંભાળિયા થી લાલપુર તાલુકાના બબરજર ગામ તરફ જઈ રહ્યા હતા.જે દરમિયાન રસ્તામાં એકાએક બાઈક સ્લીપ થઈ ગયું હતું, જે અકસ્માતમાં તેઓને માથાના ભાગે હેમરેજ સહિતની ઈજા થઈ હોવાથી બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ ઈશાભાઈ ઓસમાણભાઈ સંધિએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસે હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ધારાગઢ ગામમાં રહેતા અબુભાઈ ઓસમાણભાઈ મુન્દ્રા નામના ૬૫ વર્ષના સંધિ જ્ઞાતિના બુઝુર્ગ કે જેઓ પોતાનું બાઈક લઈને ખંભાળિયા થી લાલપુર તાલુકાના બબરજર ગામ તરફ જઈ રહ્યા હતા.

### સુરતમાં ખુલ્લી ગટરમાં ૨ વર્ષનું બાળક પડ્યું, કલાકો વીતી જવા છતાં નહીં મળતાં પરિજનો ચિંતિત

| સુરત, તા.૬ |

સુરતના વરિયાવ વિસ્તારમાંથી રૂંવાડા ઊભા કરી દેતી ઘટના સામે આવી છે. શહેરના આ વિસ્તારમાં ગઈકાલે સાંજે એક ૨ વર્ષનું બાળક ખુલ્લી ગટરમાં પડી ગયું હોવાની માહિતી છે. હજુ સુધી તેની શોધખોળ ચાલી રહી છે. બાળકની ઓળખ કેદાર તરીકે થઈ છે. સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસના કર્મચારીઓ અને સ્થાનિકો પણ બચાવ કામગીરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જોકે પાણીના તેજ વહેણને કારણે બાળક ઘણું આગળ સુધી પહોંચી ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મામલે બાળકની માતાએ કહ્યું કે અમે રાધિકા પોઈન્ટ નજીકથી જઈ રહ્યા હતા ત્યારે મેનહોલમાં મારું બાળક પડી ગયું. ચીફ ફાયર ઓફિસર વસંત પારેખે કહ્યું કે મેનહોલનું ઢાકણ ભારે વાહન પસાર થવાને કારણે તૂટી ગયું હતું. તેમાં હાલમાં એક ૨ વર્ષનું બાળક પડી ગયું છે. અમે તેની શોધખોળ કરી રહ્યા છે. રેસ્ક્યૂ માટે ૬૦-૭૦ કર્મચારીને તહેનાત કરાયા છે. હાલ કોઈ જાણકારી સામે આવી નથી. સુરતના વરિયાવ વિસ્તારમાંથી રૂંવાડા ઊભા કરી દેતી ઘટના સામે આવી છે. શહેરના આ વિસ્તારમાં ગઈકાલે સાંજે એક ૨ વર્ષનું બાળક ખુલ્લી ગટરમાં પડી ગયું હોવાની માહિતી છે. હજુ સુધી તેની શોધખોળ ચાલી રહી છે. બાળકની ઓળખ કેદાર તરીકે થઈ છે. સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસના કર્મચારીઓ અને સ્થાનિકો પણ બચાવ કામગીરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જોકે પાણીના તેજ વહેણને કારણે બાળક ઘણું આગળ સુધી પહોંચી ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મામલે બાળકની માતાએ કહ્યું કે અમે રાધિકા પોઈન્ટ નજીકથી જઈ રહ્યા હતા ત્યારે મેનહોલમાં મારું બાળક પડી ગયું. ચીફ ફાયર ઓફિસર વસંત પારેખે કહ્યું કે મેનહોલનું ઢાકણ ભારે વાહન પસાર થવાને કારણે તૂટી ગયું હતું.






## તંત્રી લેખ..

# વિકાસ માટેની કિંમત

માનવી ધરતીના સંશાધનોને એટલી ઝડપથી ખતમ કરી રહ્યો છે કે તેની ક્ષતિપૂર્તિ કરવાની બાબત તેના માટે શક્ય જ નથી. આ બાબતને અમે સિદ્ધાંતની દ્રષ્ટિથી પહેલાથીજ જાણીએ છીએ. જો કે આંતરરાષ્ટ્રીય રિસર્ચ સંગઠન ગ્લોબલ ફુટપ્રિન્ટ નેટવર્ક દ્વારા વાજબી અને સત્તાવાર રીતે ગણતરી કરીને હવે કહ્યુ છે કે વિચાર કર્યા વગર આડેધડ સંશાધનોના ઉપયોગના કારણે પૃથ્વીના સંશાધનોને અમે ઝડપથી ખતમ કરી રહ્યા છીએ. આ સંશાધનો હવે ખતમ થવાની નજીક છે. આ તારીખ પણ હવે નજીક પહોંચી રહી છે. જીએફએનના પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે પૃથ્વી દર વર્ષે પોતાના સંશાધનોના કેટલાક હિસ્સાને પુર્નિમિત કરી શકે છે. સાથે સાથે માનવી તેની આ ક્ષમતા કરતા કેટલા વધારે પ્રમાણમાં સંશાધનોનુ નુકસાન કરી રહ્યા છે. આ સિલસિલો ૧૯૭૦ના દશકથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદના કેટલાક અપવાદના વર્ષોને બાદ કરતા દર વર્ષે ઉલ્લંઘનની હદ વધી રહી છે. ૨૦ વર્ષ પહેલા સ્થિતી એ હતી કે વર્ષ ભરના સંશાધનો ના ક્વોટાને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઇ જતા હતા. આ તારીખને ઓવરશુટ ડે તરીકે ગણવામાં આવે છે. દસ વર્ષમાં આ તારીખ હવે ખસીને ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચી ગઇ છે. આ વર્ષે ગયા વર્ષની તુલનામાં બે દિવસ પાછળ છે અને તારીખ પહેલી ઓગષ્ટ થઇ ગઇ છે. એટલે કે સાલના બાકીના પાંચ મહિનામાં જે સંશાધનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંશાધન ભવિષ્ય માટે લેવામાં આવનાર સંશાધન તરીકે રહેશે. કહેવા માટેની કોઇ જરૂર નથી કે ભવિષ્યની કિંમતપર વર્તમાનને ચકાચક બનાવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ વૃતિ સર્વનાશના પળને ઝડપથી અમારી નજીક લાવી રહી છે. સારી બાબત એ છે કે આ પ્રક્રિયા હજુ સુધી બેકાબુ થઇ નથી. સાવધાનીપૂર્વક જો આગળ વધવામાં આવે તો આ ગતિવિધીને રોકી શકાય છે. કારણ કે સંશાધનોનો ઉપયોગ સીધી રીતે અમારા વિકાસ સાથે અને તેની ગતિ સાથે જોડાયેલા છે. જેથી જેમ જ વિકાસની ગતિ કોઇ કારણસર ધીમી પડે છે ત્યારે આ મોરચે રાહત મળવા લાગી જાય છે. વર્ષ ૨૦૦૭-૦૮ની મંદીના કારણે ઓવરશુટ ડેને પાંચ દિવસ આગળ ધકેલી દેવામાં સફળતા મળી હતી. પરંતુ કયાં દેશની કઇ સરકાર મંદીને આમંત્રણ આપવા ઇચ્છશે. રોજી રોજગાર, કામ ધંધા, વિકાસ તો તમામ લોકોને જોઇએ છે. પરંતુ સરકારો જીડીપીની ગણતરી કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખે તે જરૂરી છે. સંશાધનોનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે સમયની જરૂરિયાત છે. આવનાર સમયમાં આ મામલે જનજાગૃતિ પણ જગાવવા માટેની જરૂર દેખાઇ રહી છે. પૃથ્વીના સંશાધનોને આડેધડ ઉપયોગ ન કરવામાં આવે તે મામલે નિષ્ણાંતો સમય સમય પર કહેતા રહ્યા છે. જો કે વિકાસની કિંમત પર આ તમામ બાબતો થઇ રહી છે જે નુકસાનકારક સાબિત થઇ શકે છે.પૃથ્વીના સંશાધનોને જાળવી રાખવા માટેના તમામ પ્રયાસ યુદ્ધના ધોરણો હાથ ધરવાની જરૂર છે.

### પ્રતિ વર્ષે ૨૩ ટકાના દરે ડે કેર બિઝનેસનુ કદ સતત વધી રહ્યુ છે

# ડે કેર સેન્ટર બિઝનેસમાં ભવિષ્ય છે

ડે કેર સેન્ટરબિઝનેસમાં લોકો હવે રસ લઇ રહ્યા છે. આ બિઝનેસમાં કેટલાક વિકલ્પ હોવાની વાત પણ કરવામાં આવી રહી છે. ન્યુક્લિયર ફેમિલીના વધતા જતા પ્રવાહ અને લાઇફસ્ટાઇલમાં આવી રહેલા પરિવર્તનના કારણે ભારતમાં પ્રી સ્કુલ અથવા તો ડે કેર સેન્ટરની બોલબાલા વધી રહી છે. ડે કેર સેન્ટરને હવે એક નવી દિશા મળી રહી છે. ભારતમાં વર્ષ ૨૦૨૩ સુધી પ્રી સ્કુલ અને ડે કેર સેન્ટર માર્કેટનુ કદ ૧૩ હજાર કરોડ સુધી પહોંચી જશે. ડે કેર સેન્ટર બિઝનેસ દર વર્ષે ૨૩ ટકાના દરે વધી રહ્યો છે. જેનુ મુખ્ય કારણ સંયુક્ત પરિવારની ઘટતી જતી સંખ્યા રહેલુ છે. હાલમાં જ ઇન્ડિયન સોસાયટીને લઇને કરવામાં આવેલા સર્વેમાં કેટલીક સારી અને માહિતીસભર માહિતી ઉભરીને સપાટી પર આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે શહેરી ક્ષેત્રોમાં રહેતા પરિવાર પૈકી દરેક ત્રીજા પરિવારમાં હવે ન્યુક્લિયર ફેમિલી કેટેગરી લાગે છે. એટલે કે દર ત્રીજા પરિવારમાં પરિવારના સભ્યો તમામ એક જગ્યાએ નથી. શહેરોમાં રહેતા આવા ન્યુક્લિયર પરિવારો અને બાળકોની દેખરેખને લઇને સૌથી વધારે ડે કેર સેન્ટરની શોધ કરતા રહે છે. આના માટે તેમની પાસે અન્ય કોઇ વિકલ્પ પણ રહેતા નથી. બેબી ડે કેર સેન્ટરના બિઝનેસમાં ફ્રેન્ચાઇસીસ અથવા તો ત્યારબાદ સેન્ટર સંચાલનઉપરાંત અન્ય કેટલાક વિકલ્પ પણ રહેલા છે. જેના કારણે તમે સ્ટાર્ટ અપ વર્લ્ડમાં પોતાના કેરિયરની શરૂઆત કરી શકો છો. જો તમે કોઇ સીધી રીતે સેન્ટર ખોલવા માટે ઇચ્છુક નથી તો તમે એવા સેન્ટરનો સંપર્ક પણ કરી શકો છો જે ટાર્ગેટ કસ્ટમર, મેનેજમેન્ટ માર્કેટિંગ અથવા તો બેબી પ્રોડક્ટસ તેમજ સિક્યુરિટી સર્વિસેસની જરૂર હોય છે. તેમાં આવી કંપનીઓની પણ માંગ રહે છે જે બહારથી સેન્ટર માટે જુદા જુદા પ્રકારની સર્વિસ ઉપલબ્ધ કરાવે છે અને સાથે સાથે સારા પૈસા પણ મેળવે છે. તમે પોતાની યોગ્યતા મુજબ કોઇ પણ સર્વિસના ઓપ્શનને પસંદ કરીને ડે કેર બિઝનેસમાં સામેલ થઇ શકો છો. આજના સમયમાં ડે કેર સેન્ટર બિઝનેસમાં ગ્રોથની સારી શક્યતા દેખાઇ રહી છે. સાથે સાથે કેટલાક ફાયદા પણ દેખાઇ રહ્યા છે. રોકાણકાર એવા ડે કેર સેન્ટર બિઝનેસમાં વધારે પ્રાથમિકતા આપે છે જે બાળકોને મોડર્ન ટેકનોલોજી વાળી સર્વિસ ઉપલબ્ધ કરાવે છે. ડે કેર સેન્ટર બિઝનેસની વાત કરવામા આવે તો અમેરિકામાં તેની બોલબાલા સૌથી વધારે છે. અમેરિકામાં તો ત્રણ લાખ કરોડનુ માર્કેટ કદ પહોંચી ગયુ છે. ભારતમાં છેલ્લા પાંચ વર્ષોથી આર્ગેનાઇઝ રીતે ચાલનાર ડે કેર સેન્ટર બિઝનેસની શરૂઆત થઇ ચુકી છે. યુવા ઉદ્યોદ સાહસિકો માટે સારી તક રહેલી છે. યંગ એન્ટરપ્રેન્યોર માટે ડે કેર બિઝનેસમાં બે વિકલ્પ રહેલા છે. જેમાં એક ફ્રેન્ચાઇસીસ અને બીજા વિકલ્પ તરીકે પર્સનલ ડે કેર સેન્ટર છે. આ સેક્ટરમાં ઉતરતા પહેલા કોઇ પણ એન્ટચરપ્રેન્યોરને નોલેજ બિગિનિંગ અતવા તો ટ્યુટર ટાઇમ જેવી અમેરિકન કંપનીઓના સંબંધમાં રિસર્ચ કરવાની જરૂર હોય છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

**સૌથી વધુ વાવાઝોડા અમેરિકામાં થાય છે**

**પ્રચંડ વાવાઝોડામાં ૧૦ અણુબોમ્બ જેટલી શક્તિ હોય છે. વાવાઝોડાની આગોતરી જાણ થવાથી નુકસાનને અટકાવી શકાય છે.વર્ષ ૨૦૨૧નું પ્રથમ વાવાઝોડા ને મ્યાનમારે 'તોકતે' વાવઝોડું નામ આપ્યું હતું .**

# વાવાઝોડાના વિવિધ સ્વરૂપો :ચક્રવાત, હરિકેન, ટોરનેડો, સાયકલોન, ટાયફૂન શું છે?

**ડબ્લુએચઓની રિપોર્ટ અનુસાર, ૨૦૧૬માં ૨૭.૯ લાખ લોકોને ચેપ દ્વારા ક્ષયરોગ લાગ્યો હતો. ચેપ દ્વારા ટીબી સૌથી વધારે ચાઈના જોવા મળ્યો છે જ્યારે ભારતમાં ૮.૯૫ લાખ જેટલા લોકોને ચેપ દ્વારા ટીબી થયો છે રિપોર્ટના મુજબ, ચાલુ વર્ષે મધ્ય અને નીચી આવક ધરાવતા દેશોમાં ટીબીની સારવાર આપવા ૯.૨ અબજ ડોલરની જરૂરી છે**

આ વર્ષે ૨૦૨૩માં "બીપરજોય"વાવાઝોડાએ તોફાન અને તબાવી મચાવી. દર વર્ષે વાવાઝોડા વિનાશ લઈને આવે છે. કુદરતી આપત્તી સામે સામનો કરાવો મુશ્કેલ હોય છે. પણ હવે સરકાર, તંત્ર અને વિજ્ઞાન ખૂબ જાગૃત બની ગયું છે. વાવાઝોડાની આગોતરી જાણ થવાથી નુકસાનને અટકાવી શકાય છે. વર્ષ ૨૦૨૧નું પ્રથમ વાવાઝોડા ને મ્યાનમારે 'તોકતે' વાવઝોડું નામ આપ્યુંહતું . એ વાવાઝોડું આ વર્ષનું પહેલું ચક્રવાત હતું જ્યારે આ વાવાઝોડું તોફાનમાં તબલીદ થઈ ગયું હતું., જેની તાકાત વધ્યા બાદ તે વાવાઝોડું તૌકતે બનીગયું મ્યાનમાર દેશે તેને આ નામ આપ્યું હતું. ભારતીય મોસમ વિભાગના અનુસાર, આ વખતના વાવાઝોડાએ ગુજરાત, રાજસ્થાન, અને પાકિસ્તાન વિસ્તારને કેટલાક ભાગોને પ્રભાવિત કર્યા હતાં. હવે આપણે વાવાઝોડુંકેવી રીતે ફૂંકાય છે. તેના વિશે જાણીએ વાવાઝોડા અથવા ઉષ્ણકટિબંધીય ચક્રવાત તે નીચા દબાણવાળા ઝોનમાં ચડતા અને ઉતરતા પવનોના ફરતા પ્રવાહ દ્વારા રચાયેલી એક તોફાન છે. તે ગરમ ઉષ્ણકટિબંધીય અથવા ઉષ્ણકટિબંધીય સમુદ્રોવાળા વિસ્તારોમાં થાય છે, આમ તો વરસાદ પૃથ્વીની સજીવસૃષ્ટિ માટે આશીર્વાદ રૂપ છે પરંતુ વાવાઝોડું બનીને ત્રાટકે ત્યારે વિનાશક બને છે. સૂર્યની ગરમી પૃથ્વી પર બંધે સ્થળે એક સરખી પડતી નથી. વિશાળ સમુદ્રની સપાટી ક્યાંક ઓછી તો ક્યાંક વધુ ગરમ થાય છે. ગરમ હવા પાતાળી અને હળવી હોવાથી આકાશ તરફ જાય છે તેના સ્થાને ઠંડી હવા ઝડપથી ઘસી આવે છે. ઘસી આવતી હવા ચકરાવી લે છે અને સમુદ્રના પાણીને પણ ધૂમાવે છે. આ પ્રક્રિયા ઝડપથી અને પ્રચંડ ગતિથી થાય ત્યારે વાવાઝોડુ સર્જાય છે. પવનને કારણે તે કાંઠા તરફ આગળ વધે છે.



વાવાઝોડામાં વીજળીના કડાકા સાથે ભારે વરસાદ અને ઝડપી પવનથી અનેક વૃક્ષો અને મકાનો ધરાશાયી થાય છે અને ઝડપી પવનથી અનેક વૃક્ષો અને મકાનો ધરાશાયી થાય અને પારવાર નુકસાન થાય છે.

**સમુદ્રી વાવાઝોડુ એટલે શુ?:-**

સમુદ્રનાં ગરમ પાણીના કારણે હવા ગરમ થઈ વધુ ઝડપથી ઉપરની તરફ જાય છે. આ હવા જ્યારે ઠંડી પડે છે ત્યારે તે નીચે રહેલી ગરમ હવા તેને વધુ ધક્કો આપે છે આમ હવાના ચક્રના કારણે શક્તિશાળી પવન સર્જાય છે. આ શક્તિશાળી પવનને આપણે વાવાઝોડા કે ચક્રવાત તરીકે ઓળખીયે છીયે. આપણે વાવાઝોડા ના પ્રકારો જેમાં વાવાઝોડું, ચક્રવાત, ટોરનેડો, હરિકેન વિશે જાણવાનો પ્રયત્ન કરીએ.

**વાવાઝોડું:-**

વાવાઝોડું સૌથી જોખમી હોય છે. જ્યારે સૂર્ય પૃથ્વીની સપાટીને ગરમ કરે છે અને તેની ઉપરની હવાના સ્તરને વેગ આપે છે ત્યારે એક તોફાન શરૂ થાય છે. આ વાતાવરણમાં ઉષ્ણતામાન વધે છે અને વાતાવરણના ઉપલા સ્તરોમાં ગરમી પરિવહન કરે છે. જેમ જેમ હવા ઉપર તરફ જાય છે, તે ઠંડું પડે છે, અને પ્રવાહી વાદળના ટીપાંનું સર્જન કરવા માટે હવાના વાતાવરણમાં રહેલ પાણીની વરાળ. જેમ જેમ હવા સતત આ રીતે ઉચ્ચની મુસાફરી કરે છે, તેમ મેઘ વાતાવરણમાં ઉપર તરફ વધે છે, છેવટે ઊંચાઈએ પહોંચે છે જ્યાં તાપમાન નીચે થીજબિંદુ છે. મેઘની કેટલીક ટીપાઓ બરફ કણોમાં ફ્રીઝ કરે છે, જ્યારે અન્ય "સુપરકોલ." જ્યારે આ અથડાઈ જાય છે, ત્યારે તેઓ એકબીજાથી ઈલેક્ટ્રીક ચાર્જ ઉપાડે છે. જ્યારે પૂરતા પ્રમાણમાં અથડામણ થાય ત્યારે મોટાભાગે ચાર્જ વિસર્જિત થઈ જાય છે જેને આપણે વીજળી કહીએ છીએ.

**ચક્રવાત:-**

ટોર્નેડો એ હિંસક ફરતી સ્તંભની હવામાં છે જે એક તોફાનથી જમીન પર પથરાયેલો છે. જ્યારે પૃથ્વીની સપાટીની નજીકના પવનની ગતિ એક જ ઝડપે થાય છે, અને તે ઝડપે વધુ તીવ્ર ગતિએ પવન ફૂંકાય છે, ત્યારે તેમની વચ્ચેનો હવા આડી ફરતી સ્તંભમાં વીંટાળે છે. જો આ સ્તંભ વાવાઝોડાને લગતું અપડેડમાં પકડે છે, તો તેના પવનને સજ્જડ બને છે, ઉતાવળ કરે છે અને ઉભા થવું, એક પ્રવાહી પૂરવાની લાંબી નળીવાળી ગળણી મેઘ બનાવવી. જો તમે કોઈ પ્રવાહી પૂરવાની લાંબી ચાલ કે તડકામાં લટકાવેલી હોય અથવા તમે ઉડતી ભંગાર દ્વારા ત્રાટકી હોય તો આ ઘોર બની શકે છે.

**હરિકેન:-**

હરિકેન એક ઘુમ્મટની નીચલી-દબાણવાળી પ્રણાલી છે જે વિષુવવૃત્તીય પ્રદેશ ઉપર વિકસે છે જે સતત પવન ધરાવે છે જે પ્રતિ કલાક ૭૪ માઇલ સુધી પહોંચે છે. મહાસાગરની સપાટીની નજીક હૂંફાળું, ભેજવાળી હવા ઉંચે જાય છે, કૂલ કરે છે અને વાદળો બનાવે છે. સપાટી પર પહેલા કરતાં ઓછા હવા સાથે, દબાણ સપાટી પર ડ્રોપ્સ કારણ કે હવા ઉચ્ચ દબાણથી નીચા દબાણ તરફ આગળ વધે છે, આસપાસના વિસ્તારોમાંથી ભેજવાળી હવા નીચા દબાણવાળી સ્થળ તરફ આગળ વધે છે, પવનનું સર્જન કરે છે. આ હવા મહાસાગરની ગરમીથી ગરમી ધરાવે છે અને ગરમીને ઘનીકરણમાંથી છોડવામાં આવે છે, અને તે પણ વધે છે. તે ગરમ હવાની પ્રક્રિયા શરૂ કરે છે અને વાદળો રચે છે અને ત્યારબાદ તેની આસપાસ જવાની આસપાસની હવામાં વાવાઝોડું આવે છે. થોડા સમય પહેલાં, તમારી પાસે વાદ્યો અને પવનોની એક પદ્ધતિ છે જે કોરિઓલિસ અસરના પરિણામે ફેરવવાનું શરૂ કરે છે, એક પ્રકારનું બળ જે રોટેશનલ અથવા સાયક્લોનિક હવામાન સિસ્ટમોનું કારણ બને છે. વાવાઝોડુ સૌથી ઘાતક હોય છે જ્યારે મોટી તોફાન આવે છે, જે દરિયાઈ પૂરને કારણે સમુદાયોનું મોજું છે. કેટલાક ઘુમ્મટ ૨૦ ફૂટની ઊંડાઈ સુધી પહોંચી શકે છે અને ઘરો, કાર અને લોકોને દૂર કરી શકે છે.

**હરિકેન, સાયક્લોન અને ટાયફૂન વચ્ચે શું ફરક?:-**

જો વાવાઝોડું ઉત્તર એટલાન્ટિક મહાસાગર અને ઉત્તર-પૂર્વીય પેસિફિક મહાસાગરમાં ઉત્પન્ન થાય છે તો તેને હરિકેન કહેવામાં આવે છે. જો વાવાઝોડું હિંદ મહાસાગર અને દક્ષિણ પેસિફિક મહાસાગરમાંથી ઉત્પન્ન થાય તો તેને સાઈક્લોન તરીકે તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તર-પશ્ચિમી મહાસાગરમાં ઉત્પન્ન થાય તેને ટાયફૂન વાવાઝોડું કહેવાય છે.

**વાવાઝોડા વિશે કેટલીક રસપ્રદ વાતો પણ જાણવા જેવી છે**

૧- સૌથી વધુ વાવાઝોડા અમેરિકામાં થાય છે. મધ્ય અમેરિકાને ટોનેર્ડો એલી કહે છે ત્યાં વર્ષમાં નાના મોટા ૧૨૦૦ વાવાઝોડા સર્જાય છે.
૨- પવનની ગતિ લગભગ કલાકના ૬૦ કિલોમીટર હોય ત્યારે તેને ડિપ્રેશન કહે છે. ગતિ વધીને ૧૦૦ કિલોમીટર થાય ત્યારે તેને વાવાઝોડું કહે છે.
૩ -પ્રચંડ વાવાઝોડામાં ૧૦ અણુબોમ્બ જેટલી શક્તિ હોય છે.
૪ -વાવાઝોડાને સ્ત્રી અને પુરુષના નામ આપવાની પ્રથા છે. આ પ્રથા ઈ.સ. ૧૯૦૦માં ઓસ્ટ્રેલિયાના હવામાન શાસ્ત્રી સી.રેગે શરૂ કરેલી.



**ડોક્ટર ડાયરી**

લેખક : ડો. મિતાલી ભચેચ

**હાડકું ભાંગવું કે તેમાં તડ પડવી એ ખૂબ જ પીડાદાયક છે**

**દુ:ખાવાના પ્રકાર પણ અલગઅલગ હોઈ શકે છે. જેને મૂળ બે રીતે વર્ગીકૃત કરી શકાય. ટૂંકા સમયનો દુ:ખાવો એટલે કે અક્યુટ પેઈન અને લાંબા ગળાનો દુ:ખાવો એટલે કે ક્રોનિક પેઈન. સામાન્યતઃ અચાનકથી થયેલ દુ:ખાવો સ્નાયુઓ સ્નાયુઓના ખેંચાણને લીધે હોય છે.**

# કમરના દુ:ખાવા થવાના કારણો અને એની ફીઝીયોથેરાપી સારવાર

**સ્થૂળતાને લીધે થતા દુ:ખાવા મટાડવા માટે વજન ઉતારવા પર ધ્યાન આપવું જરૂરી છે. વજન ઉતારવાની પ્રક્રિયા લાંબો સમય લે છે.**

હું માનું છું કે, લગભગ કોઈ એવી વ્યક્તિ નહીં હોય જેને ક્યારેય કમરનો દુ:ખાવો નહીં થયો હોય. કમરનો દુ:ખાવો એ સામાન્યપણે જોવા મળતી સમસ્યા હોવાની સાથે સાથે સૌથી વધુ અવગણાયેલી સમસ્યા પણ છે. પણ આપણે એ વાત સમજવી જોઈએ કે, શરીરના કોઈ પણ ભાગમાં દુ:ખાવો થાય તો એના કારણ સુધી પહોંચવું અત્યંત જરૂરી છે. કેમ કે, દુ:ખાવો થવો એ એક પ્રકારનો સંકેત છે, જેના થકી આપણને આપણા શરીરમાં કંઈક ખોટું થઈ રહ્યું હોવાની જાણ થાય છે.

કરોડસ્તંભમાં કુલ ૨૬ 'મણકા' હોય છે. બેસવામાં, ઉભા થવામાં, ચાલવામાં અને વાંકા વળવાની ક્રિયા એ મણકાઓને જ આભારી છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે, આ કરોડસ્તંભમાં કુલ ૧૨૦ સ્નાયુઓ અમે ૨૨૦ જેટલા લિગામેન્ટસ હોય છે. કરોડરજ્જુ એ આપણા ચેતાતંત્રનો મહત્વનો ભાગ છે.

કમરનો દુ:ખાવો કરોડસ્તંભના સ્નાયુઓની ઈજા, ત્યાંના સ્નાયુઓની ઈજા કે ઘસારો કે પછી ત્યાંના લિગામેન્ટસમાં થયેલી ઈજા – આમાંથી કોઈપણ કારણસર થઈ શકે છે. કમરના દુ:ખાવા માટેના કારણોમાંથી કયું કારણ આપણા કમરના દુ:ખાવા માટે જવાબદાર છે, એ જાણ્યા પછી જ એની ચોક્કસ સારવાર આપણે નક્કી કરી શકીએ. એ માટેના સૌથી વધુ કારણભૂત પરિબળો નીચે મુજબ છે: સ્નાયુઓમાં થતું ખેંચાણ (સ્ટ્રેઈન), મોટાપો, વારસાગત, સંધિવા કે પછી કોઈ અકસ્માતને લીધે થયેલી ઈજા.



દુ:ખાવાના પ્રકાર પણ અલગઅલગ હોઈ શકે છે. જેને મૂળ બે રીતે વર્ગીકૃત કરી શકાય. ટૂંકા સમયનો દુ:ખાવો એટલે કે અક્યુટ પેઈન અને લાંબા ગળાનો દુ:ખાવો એટલે કે ક્રોનિક પેઈન. સામાન્યતઃ અચાનકથી થયેલ દુ:ખાવો સ્નાયુઓ સ્નાયુઓના ખેંચાણને લીધે હોય છે. જેને તાત્કાલિક સારવાર આપવામાં આવે તો લેસર થેરાપી દ્વારા ફીઝીયોથેરાપી ક્લિનિકમાં ૩ થી ૧૦ સેશન્સમાં સંપૂર્ણપણે મટાડી શકાય છે. અન્ય દુ:ખાવા અંગે આપણે આવતા અઠવાડિયે વાત કરીશું.

ભાગ-૨: ગયા અઠવાડિયે આપણે જાણ્યું કે, અચાનકથી થતા સ્નાયુના ખેંચાણના લીધે થયેલ કમરના દુ:ખાવા મટાડવામાં ફીઝીયોથેરાપી અત્યંત અસરકારક છે. આજે આપણે જાણીએ કે મોટાપો એટલે કે મેદસ્વીતા કેવી રીતે કમરના દુ:ખાવાનું કારણ બની શકે છે. રચનાકીય રીતે, કરોડસ્તંભ એક ચોક્કસ વળાંકમાં બનેલી હોય છે. સ્થૂળતાને કારણે જે ચરબી જમા જમા થાય છે એને લીધે આ વળાંક ખોરવાય જાય છે. એને કારણે કમરના સ્નાયુઓમાં અસંતુલન ઉભું થાય છે અને દુ:ખાવો થાય છે. પછી કમરના મણકા (L1 થી L5)માં ઘસારાની પ્રક્રિયા શરુ થઈ જાય છે. સ્થૂળતાને લીધે વ્યક્તિની કાર્યક્ષમતા પણ ઘટી જાય છે, જેની અસર શરીરના બધા જ સ્નાયુઓમાં આવે છે. સ્નાયુઓની શક્તિ ઘટવાને લીધે કમર સાથે સાથે ઘૂંટણના દુ:ખાવા પણ થાય છે.

સ્થૂળતાને લીધે થતા દુ:ખાવા મટાડવા માટે વજન ઉતારવા પર ધ્યાન આપવું જરૂરી છે. વજન ઉતારવાની પ્રક્રિયા લાંબો સમય લે છે. પણ એ સમય દરમિયાન દુ:ખાવાની સારવાર તો આપણે શરુ કરી જ દેવી જોઈએ. ફીઝીયોથેરાપી ક્લિનિક પર જઈને ચોક્કસ કસરતો તેમજ દુ:ખાવો ઘટાડવા માટે ઈલેક્ટ્રોથેરાપી લેવી જોઈએ. સાથે સાથે યોગ્ય 'અર્ગોનોમિક્સ' કે પરેજી પર પણ ધ્યાન દેવું જોઈએ. 'અર્ગોનોમિક્સ' એટલે કે આખા દિવસ દરમિયાન આપણે શરીરની સ્થિતિ કેવી રીતે રાખવી એટલે કે 'Posture' અંગેનું માર્ગદર્શન. આથી વજન ઘટાડવાની સાથે સાથે નિષ્ણાંત ફીઝીયોથેરાપિસ્ટની મુલાકાત અચૂક લેવી.

હવે વાત કરીએ સંધિવા વિશે. કમરના મણકાના સાંધામાં ઉંમર સાથે થતા ઘસારાને લીધે એમાં સોજો આવી જાય છે, જે અત્યંત પીડાદાયક હોય છે. મેડિકલ ભાષામાં એણે 'Lumbar Spondylosis' કહેવામાં આવે છે. આ તકલીફ ઉંમર વધવાની સાથે શરુ થાય છે અને લાંબા સમય સુધી રહે છે. એટલે તકલીફ શરુ થવાની સાથે સાથે જ એની સારવાર કરવી જરૂરી બની રહે છે. ઓર્થોપેડિક ડૉક્ટરની સાથે સાથે ફીઝીયોથેરાપિસ્ટની સલાહ પણ લેવી. ગરમ-ઠંડા પાણીના શેક, 'ૈ.હ્વ.' અથવા 'ઈદ્રજી' જેવી મશીનથી અપાતી સારવાર અને સ્નાયુઓની 'Strengthening Exercises' પણ નિયમિત કરવી જોઈએ.

આ ઉપરાંત કમરના દુ:ખાવાના ઘણા કારણો છે, જે દર અઠવાડિયે વારાફરતી જોઈશું. બાર-તેર વર્ષથી કન્સલ્ટન્ટ ફીઝીયોથેરાપિસ્ટ હોવાના નાતે અનુભવથી મારી એક સલાહ છે કે કમરના દુ:ખાવાને ક્યારેય અવગણશો નહીં. ફીઝીયોથેરાપી આ દુ:ખાવા દુર કરવા ખૂબ જ અસરકારક છે. બસ જરૂર છે ચોક્કસ સારવાર લેવાની.

# હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઈ રહ્યો છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઈ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઈફસ્ટાઈલ ઘાતક બની રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઈને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઈફસ્ટાઈલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઈપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઈ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં



બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે. ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે.

આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે.સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ.

ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે. આના પાળવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ હાર્ટ કેર ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ કાર્ડિયોલોજીસ્ટે કહ્યુ છે કે એક દર્દી પ્રથમ વખત આવે છે ત્યારે ચારે હાથપગમાં બીપીની ચકાસણી કરવામાં આવે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે હાથમાં બ્લોકેઝ બેઈન વેસલ્સ અને હાર્ટની ધમનીઓમાં બ્લોકેઝ સાથે સંબંધ ધરાવે છે.જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.

હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રિક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# નવી મુંબઈમાં ડેટિંગ એપ પર છેતરપિંડી કરીને 33 લાખ લૂંટાયા

। મુંબઈ,તા.૬ ।

મહારાષ્ટ્રના નવી મુંબઈથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ડેટિંગ એપ પર છેતરપિંડી કરીને એક યુવક પાસેથી ૩૩ લાખ રૂપિયા લૂંટવાના આરોપમાં પોલીસે અહીં એક વ્યક્તિની ધરપકડ કરી છે.ઉલ્લેખનીય છે કે આજકાલ ડેટિંગ એપ્સ દ્વારા છેતરપિંડીના ઘણા કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. આ એપની ચપેટમાં આવીને ઘણા લોકોએ પોતાના પૈસા અને શાંતિ બંને ગુમાવી દીધા છે. ઘણી વખત, લોકો બદનામીના ડરથી પોતાની સમસ્યાઓ લઈને પોલીસનો સંપર્ક કરતા નથી, જેના કારણે ગુનેગારોનું મનોબળ વધે છે અને તેઓ નવા પીડિતો શોધવાનું શરૂ કરે છે. ખરેખર, આજકાલ ડેટિંગ એપ્સ યુવાનો માટે તેમના ઇચ્છિત જીવનસાથી શોધવાનો એક સરળ રસ્તો છે. પરંતુ તેની નકારાત્મક અસર ત્યારે થાય છે જ્યારે કોઈ વ્યક્તિ આ એપ્સની જાળમાં ફસાઈને મોટી મુશ્કેલીમાં મુકાઈ જાય છે અને લાખો રૂપિયા ગુમાવે છે. આવી સ્થિતિમાં, આ એપનો ઉપયોગ સમજદારીપૂર્વક કરવો જરૂરી છે.તાજેતરમાં યુપીના ગાઝિયાબાદમાં પોલીસે ધમકી આપીને પૈસા પડાવતી એક ગેંગનો પર્દાફાશ કર્યો. હકીકતમાં, પોલીસે ગે ડેટિંગ એપ પર મિત્રો બનાવતી ગેંગના ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. આ લોકો પહેલા ડેટિંગ એપ્સ પર જોડાનારા લોકોના અશ્લીલ વીડિયો બનાવતા અને પછી તેને વાયરલ કરવાની ધમકી આપીને તેમની પાસેથી પૈસા પડાવતા.

### કેબિનેટ બેઠકમાં ૨૦૨૫-૨૬ માટે આબકારી નીતિને મંજૂરી આપવામાં

# યુપીમાં એક્સાઇઝ નીતિમાં મોટો ફેરફાર, એક જ દુકાનમાં બિયર, દેશી અને વિદેશી દારૂ મળશે

**મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નવી નીતિમાં ૫૫ હજાર કરોડ રૂપિયાની આવક એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે । વિભાગ આ વખતે જૂના લાઇસન્સનું નવીકરણ કરશે નહીં**

। લખનૌ, તા.૬ ।

